# બિનઅનામત વર્ગના વિધાર્થીઓ માટે વિદેશ અભ્યાસ લોન

**યોજનાનું સ્વરૂપ / લોન સહાયના ધોરણો:**

• ધોરણ-૧૨ પછી ફક્ત M.B.B.S, સ્નાતક (ડિપ્લોમા પછી ડિગ્રી મેળવેલ હોય તો પણ માન્ય) થયા પછી અનુસ્નાતક તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા અથવા અન્ય નામથી ઓળખાતા સમકક્ષ અભ્યાસક્રમ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બિન અનામત વર્ગના વિધાર્થીઓ માટે કુલ રુ. ૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લૉન નિગમ તરફથી આપવામા આવશે.

| | |
|---|---|
| લાયકાતના ધોરણો | • ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ. |
| વ્યાજનો દર | • વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ. |
| આવક મર્યાદા | • કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૬.૦૦ લાખ કેતેથી ઓછી. |

જરૂરી પુરાવાઓ

- નિયત નમૂનાનું અરજીપત્રક
- બાહેંધરી પત્રક
- બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર
- આવકનું પ્રમાણપત્ર
- આધારકાર્ડની નકલ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- ધો-૧૦-૧૨ની માર્કશીટ
- ધો-૧૨ પછીના સ્નાતક અભ્યાસની માર્કશીટ
- વિદેશની યુનિવર્સીટીનો એડમીશન લેટર
- પ્રતિવર્ષ ભરવાની થતી ફી નો પુરાવો
- પાસપોર્ટની નકલ
- વિઝાની નકલ (જો મેળવેલ હોય તો)
- પિતા/વાલીની મિલકતના વેલ્યુએશન સર્ટિ અને મિલકતના આધારો
- પિતા/વાલીની મિલકત ગીરો (મોર્ગેજ) કરવાની સંમતિ પત્ર
- અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાંની નકલ

લોન માટેનાં જામીન / દસ્તાવેજ

• સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સધ્ધર જામીનનું જામીન ખત રજૂ કરવાનું રહેશે.

• સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂા.૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.

• દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચબ્લેન્ક(BLANK)ચેક આપવાના રહેશે.

લોનની પરત ચુકવણી

- રૂા.૫.૦૦ લાખ સુધીની કુલ લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૫ (પાંચ) વર્ષમાં એક સરખા માસિક હપ્તામાં ભરવાના રહેશે.
- રૂા.૫.૦૦ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૬(છ) વર્ષમાં એક સરખા માસિક હપ્તામાં ભરવાના રહેશે.
- ભરપાઇ થતી લોનના નાણાં પ્રથમ વ્યાજ પેટે જમા લેવાનાં રેહેશે.
- લોન લેનાર નિશ્ચિત સમય મર્યાદા પહેલા પણ લોનની પરત ચુકવણી કરી શકાશે.
- ઓનલાઇન ફ્રોર્મ નો ડેમો  જાણવા માટે નીચે દર્શાવેલ લિન્કનો ઉપયોગ કરી શકો છો.

https://gscuc.gujarat.gov.in/document/govtgr/02-Forign-education-loan-form.pdf

- ઓનલાઇન ફ્રોર્મ ભરવા માટે નીચે દર્શાવેલ લિન્કનો ઉપયોગ કરી શકો છો.

https://gueedc.apphost.in/

આ માહિતિ ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .